પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૩૧ ૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૭, રવિવાર ; મહા વદ - ૨ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### દુનિયાની દસ શક્તિશાળી ભાષાઓમાં હિન્દીને સ્થાન

વિશ્વની દસ શક્તિશાળી ભાષાઓમાં હિન્દીને દસમાં નંબરનું સ્થાન પ્રાપ્ત થયુ છે. વર્લ્ડ ઈકોનોમી ફોરમે અર્થવ્યવસ્થા, ભૂગોળ અને પ્રત્યાયનને ધ્યાનમાં રાખી કરાયેલા મુલ્યાંકનમાં હિન્દીને ૧૩ પોઈન્ટ આપતા તેને દસમુ સ્થાન પ્રાપ્ત થયુ છે.




# યુપીમાં પ્રથમ તબક્કામાં ૬૩ ટકાથી વધુ મતદાન



લખનૌ, તા. ૧૧

અભૂતપૂર્વ સુરક્ષા અને એક પ્રકારની અપેક્ષા વચ્ચે આજે ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૬૩થી ૬૭ ટકા જેટલું મતદાન થયું હતું. ચૂંટણી પંચે આંકડા આપતા કહ્યું હતું કે, સાંજે પાંચ વાગ્યા સુધી ૬૩ ટકા મતદાન થયું છે. સાંજે પાંચ વાગ્યા સુધી મતદાન થયું પરંતુ એ વખતે જે મતદારો મતદાન મથકો ઉપર લાઈનમાં ઉભા હતા તેમને પણ મતદાન કરવાની તક આપવામાં આવી હતી. જેથી મતદાનની ટકાવારીમાં ફેરફાર થઈ શકે છે. વર્ષ ૨૦૧૨ વિધાનસભાની ચૂંટણીમાં ૬૧ ટકા મતદાન થયું હતું. અગાઉની સરખામણીમાં વધારે મતદાન આજે નોંધાયું હતું. પ્રથમ તબક્કામાં ૭૩ સીટ માટે આજે સવારે આઠ વાગે સઘન સુરક્ષા વચ્ચે મતદાનની શરૂઆત થઈ હતી. પ્રથમ તબક્કામાં મતદાનની સાથે જ અનેક મોટા માથાના ભાવિ સીલ થઈ ગયા છે. વિધાનસભાની ચૂંટણી માટે પ્રથમ તબક્કામાં પશ્ચિમી ઉત્તરપ્રદેશની ૧૫ જિલ્લાની ૭૩ બેઠકો માટે આજે

● અનુસંધાન પાન-૭ પર

# તામીલનાડુમાં રાજકીય કોકડું ગુંચવાયું

### શશીકલાની કટોકટીની વચ્ચે રિસોર્ટમાં સભ્યો સાથે બેઠક : શશીકલાએ રાજ્યપાલને પત્ર લખી સમય માંગ્યો

ચેન્નાઈ,તા. ૧૧

તમિળનાડુમાં રાજકીય ગતિરોધની સ્થિતિ વચ્ચે રાજ્યપાલ સમક્ષ સરકાર બનાવવાનો દાવો કરી ચુકેલા અન્નાદ્રમુકના મહાસચિવ વીકે શશીકલાએ આજે તેમના સમર્થન કરનાર ધારાસભ્યોની રાજ્યપાલની સમક્ષ પરેડ કરાવવા માટે તેમના સમયની માંગ કરી હતી. રાજ્યપાલ સી વિદ્યાસાગર રાવ પાસે સમયની માંગ કરવામાં આવી છે. શશીકલાએ કહ્યું છે કે, તેમનું માનવું છે કે, રાજ્યપાલ બંધારણના ધારાધોરણો અને તમિળનાડુના હિતને ધ્યાનમાં લઈને નિર્ણય લેશે. રાજ્યપાલને લખવામાં આવેલા પત્રમાં શશીકલાએ કહ્યું છે કે, તેઓ ૯મી ફેબ્રુઆરીના દિવસે પોતાના વરિષ્ઠ પ્રધાનોને મળ્યા હતા અને

● અનુસંધાન પાન-૭ પર










